# પર્યુષણ પર્વનો આઠમો દિવસ સંવત્સરી તરીકે ઉજવાય છે

જૈન પરંપરા મુજબ પર્યુષણ પર્વનો આઠમો દિવસ એ આખા મહાપર્વનો સૌથી પવિત્ર અને અંતિમ દિવસ છે, જેને 'સંવત્સરી' (સંવત્સરી મહાપર્વ) કહેવામાં આવે છે. આ દિવસ આત્મશુદ્ધિ, તપ અને આધ્યાત્મિક આરાધનાની પૂર્ણાહુતિનો દિવસ છે. આ દિવસે જૈન ધર્મના અનુયાયીઓ વર્ષ દરમિયાન જાણે-અજાણે થયેલી ભૂલો, મન-વચન-કાયાથી કોઈના દિલ દુભાવ્યા હોય તો તે બદલ હૃદયપૂર્વક ક્ષમા માંગે છે. આ દિવસે એકબીજાને "મિચ્છામિ દુક્કડમ્" કહીને વૈર-ઝેર અને અણબનાવ ભૂલીને મૈત્રીભાવ કેળવવામાં આવે છે. આઠમા દિવસે સાંજે ખાસ વાર્ષિક પ્રતિક્રમણ (સંવત્સરી પ્રતિક્રમણ) કરવામાં આવે છે, જેમાં પાપોની આલોચના કરવામાં આવે છે. ઘણા શ્રાવકો અને શ્રાવિકાઓ આ દિવસે 'અઠ્ઠાઈ' (સળંગ 8 દિવસના ઉપવાસ) ની પૂર્ણાહુતિ કરે છે અથવા સંવત્સરીનું ખાસ ઉપવાસ (ચોવિહાર/તિવિહાર ઉપવાસ) રાખે છે




# સિવિલની સુરક્ષા માટે 'વોકી-ટોકી'નો ઉપયોગ

**સુરક્ષા** માટે વધુ ૧૫ અત્યાધુનિક વોકી-ટોકી ફાળવાઈ

સુરત : નવી સિવિલ હોસ્પિટલમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને ઝડપી બનાવવા માટે 15 અત્યાધુનિક વોકી-ટોકી ફાળવવામાં આવી છે. સિક્યોરિટી એજન્સી દ્વારા આપવામાં આવેલી આ વોકી-ટોકીથી હોસ્પિટલના અલગ-અલગ બિલ્ડિંગ, ફ્લોર અને મહત્વના વિભાગોમાં તૈનાત સુરક્ષા કર્મીઓ વચ્ચે હવે 24 કલાક તાત્કાલિક સંપર્ક થઈ શકશે. નવી સિવિલ હોસ્પિટલમાં ત્રણ મોટી ઈમારતો આવેલી હોવાથી અનેક વખત મોબાઈલ કે ટેલિફોન કનેક્ટિવિટીમાં મુશ્કેલી સર્જાય છે. આવી સ્થિતિમાં વોકી-ટોકી સુરક્ષા કર્મીઓ માટે ઝડપી સંચારનું મહત્વનું માધ્યમ બની રહેશે. વોકી-ટોકીની અંદાજે 5 કિલોમીટર સુધીની રેન્જ હોવાથી હોસ્પિટલના ટેરેસથી બેઝમેન્ટ તેમજ સ્ટેમ સેલ બિલ્ડિંગથી મજુરાગેટ સુધીના વિસ્તારને કવર કરી શકાશે. ઈમરજન્સી વિભાગ, ઓપરેશન થિયેટર, ઈમરજન્સી ગેટ, મુખ્ય ગેટ, સ્ટેમ સેલ બિલ્ડિંગ સહિતના વ્યૂહાત્મક સ્થળોએ સુરક્ષા કર્મચારીઓને વોકી-ટોકી આપવામાં આવી છે. હોસ્પિટલમાં દર્દીઓના પરિવારજનો વચ્ચે બોલાચાલી, ઝઘડો કે અન્ય કોઈ અવ્યવસ્થા સર્જાય ત્યારે હવે સેકન્ડોમાં સંબંધિત સુરક્ષા કર્મીઓને જાણ કરી શકાશે.

તબીબી અધિક્ષક ડૉ. પારૂલ વડગામાના માર્ગદર્શન અને RMO ડૉ. કેતન નાયકના સંકલનથી શરૂ કરાયેલી આ વ્યવસ્થાથી નવી સિવિલની સુરક્ષા વ્યવસ્થામાં વધુ ઝડપ અને સંકલન આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### બ્લોસમ વેસુ ખાતે સોના-ચાંદીના વરખની આંગી



સુરત : ૧૩ સપ્ટેમ્બર, પર્વ પર્યુષણ નો છઠ્ઠો દિવસ, બ્લોસમ વેસુ ખાતે ભવ્યા થી ભવ્ય મહાપૂજા નું આયોજન શ્રી શાંતિજિન મંડળ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સોના-ચાંદી ના વરખની આંગી તેમજ દેવલોક ની રચના કરી હતી. આખા દેરાસરમાં સ્વર્ગ જેવો નઝારો દેખાતો હતો. લગભગ ૨૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓ દર્શન કરવા પધાર્યા હતા.

### આરોહી જોગલે NEETમાં 551 સ્કોર મેળવી ગુજરાતની BAMS મેરિટમાં પ્રથમ



સુરતઃ સુરતની આરોહી જોગલે NEETમાં 551 સ્કોર મેળવી ગુજરાતની BAMS મેરિટ યાદીમાં પ્રથમ ક્રમ મેળવી નોંધપાત્ર સિદ્ધિહાંસલ કરી છે. આરોહીની સિદ્ધિખાસ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે NEETમાં સારો સ્કોર હોવાને કારણે તેના માટે MBBSમાં પ્રવેશના વિકલ્પો ખુલ્લા હત આરોહીએ MBBS માટે અરજી જ કરી નહોતી. તેમણે શરૂઆતથી જ BAMSને પોતાની પસંદગી બનાવી હતી. JOGI Ayurved સ્થાપક શ્રી નિલેશ જોગલ છે, જ્યારે ડો. દેવાંગી જોગલ, એમ.ડી. આયુર્વેદ અને ડબલ ગોલ્ડ મેડાલિસ્ટ, આયુર્વેદિક સારવાર અને જ્ઞાનને વધુ લોકો સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

### શ્રી ગુરુદેવ અવધૂત આશ્રમ ખાતે સમર્થ ગજાનન મહારાજનો મહાસમાધિ દિન

સુરત : શ્રી ગુરુદેવ અવધૂત આશ્રમ, રામનગર, રાંદેર રોડ, સુરત ખાતે ભાદરવા સુદ પાંચમ, ઋષિપંચમી, તા.૧૫મી ને મંગળવારે બપોરે ૧૨-૧૫ કલાકે ધર્મધ્વજા,બપોરે ૧-કલાકે શ્રી સમર્થ ગજાનનાવધૂત સત્યવ્રત કથા, સાંજે ૪ કલાકે આરતી ત્યારપછી મહાપ્રસાદી થશે.

### વ્યારાના મનીષ મૈસુરિયા પીએડ.ચડી. થયા



વ્યારા શહેરના મનિષ સુરેશભાઈ મૈસુરિયાએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU), વડોદરાના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગમાંથી પીએચ.ડી. (Ph.D.)ની ડિગ્રી સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે. હાલમાં તેઓ પી. પી. સવાણી યુનિવર્સિટી (PPSU) માં આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમનું પીએચ.ડી. સંશોધન "Studies on Performance Characteristic of Ultra Low Head Turbines for Flow of Water Through Open Canals" વિષય પર આધારિત હતું. આ સંશોધન કાર્ય ડૉ. અમિત આર. પટેલ, પ્રોફેસર, મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ, MSUના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

### સાસ્કમાના ચેરમેન તરીકે હિમાંશુ બોડાવાલાની વરણી



સુરતઃ સાસ્કમા સુરતની રેશમ ભવન, લાલ દરવાજા, સુરત ખાતે યોજાયેલી ૭૧મી વાર્ષિક સામાન્ય સભામાં નવા ચેરમેન તરીકે હિમાંશુ બોડાવાલાની અને વાઇસ ચેરમેન તરીકે નંદકિશોર ચોરાવાલા અને કેતન જરીવાલા તરીકેની વરણી કરવામાં આવી હતી.

# વરસાદ : 10 હજાર કિલો ફૂલ ફેંકવા પડ્યાં



**ગણેશોત્સવને** ધ્યાનમાં રાખીને વધુ જથ્થો મંગાવ્યો હતો

સુરતઃ શહેરમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદને કારણે ફેંકી દેવાની નોબત આવી છે. અશ્વિનીકુમાર ફૂલ માર્કેટના વેપારી રાજનભાઈના જણાવ્યા મુજબ હાલમાં માર્કેટમાં 10 હજાર કિલોથી વધુ ફૂલોનો જથ્થો પડ્યો છે, જેમાંથી મોટાભાગનો માલ બગડી ગયો હોવાથી તેનો નિકાલ કરવો પડશે.

અશ્વિનીકુમાર ફૂલ માર્કેટના જથ્થાબંધ વેપારી મેહુલભાઈ ટોપીવાળાના જણાવ્યા મુજબ સુરતના ફૂલ બજારમાં મોટાભાગનો માલ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી ટ્રકો મારફતે આવે છે. હાલ તહેવારોની મોસમ પુરજોશમાં શરૂ થઈ હોવાથી ફૂલોની વધતી માંગને ધ્યાનમાં રાખીને વેપારીઓએ અગાઉથી મોટો જથ્થો મંગાવીને રાખ્યો હતો. જોકે છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદે આ જથ્થા સામે મુશ્કેલી ઊભી કરી છે.

# ગણેશજીની પૂજા માટે સુરતમાં બહારગામથી બ્રાહ્મણો બોલાવાયા

**એક-એક** બ્રાહ્મણ એક જ દિવસમાં ૫ થી ૧૦ સ્થળોએ પૂજન કરાવે છતાં અછત

સુરતઃ શહેરમાં આજથી શરું થયેલાં ગણેશોત્સવનાં પાવન પર્વમાં દૂધાળા દેવ શ્રીજીની ધામધૂમથી સ્થાપના કરવા સાથે શ્રીજીની નિયમિત અને ધાર્મિક અનુષ્ઠાન સાથે પુજા અર્ચનાનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે આ ૧૨ દિવસ સુધી ચાલનારા આ મહાઉત્સવમાં એક અનોખી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં ગણેશજીની પૂજા, આરતી અને કથા કરાવનારા વિદ્વાન બ્રાહ્મણોની ભારે શોર્ટેજ (અછત) જોવા મળી રહી છે. શહેરના નાના-મોટા ગણેશ મંડળો દ્વારા દરરોજ વિધિવત ગણેશ પૂજન, આરતી અને વિવિધ કથા-અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવતું હોય છે. આ સિવાય મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પોતાના ઘરે પણ શ્રીજીની સ્થાપના કરતા હોવાથી ઘરગથ્થુ પૂજા-પાઠ માટે પણ ભૂદેવો ની માંગમાં પ્રચંડ ઉછાળો આવ્યો છે. પૂજાપાઠ કરાવતાં બ્રાહ્મણ વિજયભાઈ જોષીએ જણાવ્યું હતું કે આ વખતે સુરત શહેરમાં ખુબ જ મોટી સંખ્યામાં શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. આ દુંદાળા દેવની સમયસર અને પરંપરા મુજબ પૂજા વિધિ થાય એટલે એક સાથે બધી જ જગ્યાએ બ્રાહ્મણને પહોંચવું મુશ્કેલ થઈ પડે છે. જેને પહોંચી વળવા માટે બહારગામથી ભૂદેવોને બોલાવવામા આવે છે. તેમજ વતનમા રહેતા અને પૂજાપાઠના જાણકાર પરિવારનાં સભ્યોને પણ સુરત બોલાવી લેવામાં આવે છે જેઓ વિસર્જન સુધી સુરતમાં રહે છે. સુરતમા અડાજણ બદ્રીનારાયણ મંદિરની પાઠશાળા ના ૧૨૫ જેટલાં વિદ્યાર્થી, સુર્યપુર સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીનો પણ ગણેશજીની પૂજા માટે લાભ લેવામાં આવે છે.

# શ્યામ સંગિનીની આગ અને અડાજણ ચોરીનો ભેદ વણઉકલ્યો

**શ્યામ** સંગિની માર્કેટમાં 24 કરોડથી વધુના નુકસાનની ઘટનાના પાંચ દિવસ વીતવા છતાં મુખ્ય આરોપી પોલીસ પકડથી દૂર

**અભિનેત્રી** શ્રદ્ધા કપૂર સાથે જોડાયેલી 'પલ્મોનાઝ' જ્વેલરી શોપમાં ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસ નિષ્ફળ

### શહેરના બે ચકચારી ગુનામાં પોલીસની તપાસની કામગીરી સામે નાગરિકોમાં રોષ

આગના કારણ અને માર્કેટની સલામતી વ્યવસ્થા અંગે ફાયર વિભાગ, આરએન્ડબી, સુડા, વીજ કંપની, લિફ્ટ-એલિવેટર વિભાગ તથા ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટરનો અભિપ્રાય પણ માંગવામાં આવ્યો છે. ત્રણ કલાક સુધી અજાણ્યો શખ્સ માર્કેટમાં છુપાયો હોવા છતાં સિક્યોરિટી કે ફાયર સેફ્ટી સિસ્ટમને તેની જાણ કેમ ન થઇ તે મુદ્દે પણ સવાલો ઊભા થયા છે. દરમિયાન અડાજણ વિસ્તારમાં અભિનેત્રી શ્રદ્ધા કપૂરના નામ સાથે જોડાયેલા 'પલ્મોનાઝ' (ડેમિફાઈન ફેશન પ્રા.લિ.) જ્વેલરી શોપમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં પણ અડાજણ પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચને હજુ સફળતા મળી નથી.

સુરત : શહેરમાં ચકચાર જગાવનારા બે ગંભીર ગુનામાં આરોપીઓ સુધી પહોંચવામાં પોલીસની નિષ્ફળતા સામે હવે સવાલો ઉઠવા લાગ્યા છે. સારોલીની શ્યામ સંગિની ટેક્સ્ટાઇલ માર્કેટમાં ઈરાદાપૂર્વક આગ લગાડવાના પ્રકરણમાં ક્રાઈમ બ્રાન્ચ અને સારોલી પોલીસની સંયુક્ત તપાસને પાંચ દિવસ વીતી ગયા છતાં મુખ્ય આરોપી હજુ પોલીસ પકડથી બહાર છે. બીજી તરફ, અડાજણ વિસ્તારમાં અભિનેત્રી શ્રદ્ધા કપૂરના નામ સાથે જોડાયેલા 'પલ્મોનાઝ' (ડેમિફાઈન ફેશન પ્રા.લિ.) જ્વેલરી શોપમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં પણ અડાજણ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચને હજુ સફળતા મળી નથી.

શ્યામ સંગિની ટેક્સટાઇલ માર્કેટમાં લાગેલી ભીષણ આગ અકસ્માત નહીં પરંતુ ઈરાદાપૂર્વક લગાડવામાં આવી હોવાનું સીસીટીવી તપાસમાં સામે આવ્યું છે. છઠ્ઠા માળે આવેલી 17 દુકાનોને નિશાન બનાવનાર શખ્સ પાંચ દિવસથી પોલીસ પકડથી દૂર છે. આરોપી રાત્રે 8:57 વાગ્યે સ્પ્લેન્ડર બાઈક પર માર્કેટમાં આવ્યો હતો અને ચહેરો રૂમાલથી ઢાંક્યો હતો. આશરે ત્રણ કલાક સુધી માર્કેટની અવાવરું જગ્યાએ સંતાઈ રહ્યા બાદ રાત્રે 12:20 વાગ્યે છઠ્ઠા માળે પહોંચ્યો હતો. ત્યાં પેસેજમાં પડેલા કાપડના પોટલાઓ પર બોટલમાં લાવેલું જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ લગાવી હતી. ત્યારબાદ માત્ર ચાર મિનિટમાં સીડીઓ મારફતે નીચે ઉતરી સ્પ્લેન્ડર પર ફરાર થઈ ગયો હતો. કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના સીસીટીવીમાં તેની હિલચાલ કેદ થઈ હતી અને તે કડોદરા તરફ જતો હોવાનું સામે આવ્યું હતું. જોકે, કડોદરા બાદ તેનું પગેરું મળ્યું નથી. હાલ પોલીસ આરોપી કયા માર્ગે માર્કેટમાં આવ્યો અને કયા રસ્તે પરત ફર્યો તેની રિવર્સ ટ્રેકિંગથી તપાસ કરી રહી છે.

આગમાં કાપડનો જથ્થો બળીને ખાખ થતાં વેપારીઓને રૂપિયા 24 કરોડથી વધુનું નુકસાન થયું છે. આગ પાછળ અંગત અદાવત, કોઈના ઈશારે કરાયેલું કાવતરું અથવા વીમાની રકમ મેળવવાનો હેતુ હતો કે કેમ તે અંગે તપાસ ચાલી રહી છે. સારોલી પોલીસે માર્કેટના 20 વેપારીઓની પૂછપરછ કરી છે. કેટલાક વેપારીઓને રૂપિયા 25 હજારથી રૂપિયા 10 લાખ સુધીનું નુકસાન થયું હોવાનું પણ જાણવા મળ્યું છે.

# બદનામ કરવાની ધમકી આપી SRP જવાનનું નર્સ સાથે દુષ્કર્મ

**પૂર્વ** લીવ-ઇન પાર્ટનરે ફોટા-વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હેરાન કરતા ફરિયાદ

સુરત : કાપોદ્રાની હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી ૩૦ વર્ષીય યુવતીએ પોતાના પૂર્વ લીવ-ઈન પાર્ટનર વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. યુવતીનો આરોપ છે કે છેલ્લા છ મહિનાથી બંને અલગ રહેતા હોવા છતાં એસઆરપી લિવ ઈન પાર્ટનર અવારનવાર સંપર્ક કરી સંબંધ રાખવા દબાણ કરતો હતો. દરમિયાન સુરત બંદોબસ્તમાં આવ્યો ત્યારે હોસ્પિટલ પાસે પહોંચી ધમાલ કરવાની ધમકી આપી યુવતીને ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો અને બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. મૂળ ઉમરપાડાની યુવતી છેલ્લા સાત વર્ષથી સુરતમાં રહી કાપોદ્રાની હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે. આશરે સાત વર્ષ અગાઉ ડેડીયાપાડાના વતની અને એસઆરપીમાં ફરજ બજાવતા વિજ્ઞેશ રાવજીભાઈ વસાવા સાથે તેની સગાઈની વાત ચાલી હતી. બાદમાં યુવતી તેની સાથે રાજપીપળા ખાતે રહેવા ગઈ હતી અને બંને લીવ-ઈન રિલેશનશિપમાં પતિ-પત્નીની જેમ રહેતા હતા.

જોકે, છેલ્લા છ મહિનાથી બંને વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતા હોવાથી પરિવારના મોભીઓ ભેગા થઈ બંને વચ્ચે સમાધાન કરાવતા સમાધાનનામું કરી બંને અલગ થઈ ગયા હતા. ત્યારબાદ યુવતીએ વિજ્ઞેશ સાથે સંપર્ક તોડી નાખ્યો હતો. તેમ છતાં આરોપી ફોન કરીને ફરી સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. દરમિયાન ગત તા.૧ મેના રોજ વિજ્ઞેશ સુરત બંદોબસ્ત માટે આવ્યો હતો. તે સમયે હોસ્પિટલની નીચે પહોંચી યુવતીને ઉપર આવી ધમાલ કરવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેને લાલદરવાજા ખાતે આવેલા આવકાર ગેસ્ટ હાઉસમાં લઈ જઈ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હોવાનો આરોપ છે. આ પછી યુવતીના ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી તેને બદનામ કરવાનું કહી ફરી મળવા દબાણ કરતો હતો. પાર્ટનરની હરકતોથી કંટાળી આ સમગ્ર મામલે યુવતીએ આખરે કાપોદ્રા પોલીસ મથકનો સંપર્ક કરી વિજ્ઞેશ રાવજીભાઈ વસાવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### ખંડણીખોર ચિરાગ ગોટીના જામીન નામંજૂર

સુરતઃ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખંડણી, અપહરણ, ગેરકાયદે અટકાયત, મારામારી સહિતની કલમો હેઠળના ગુનામાં આરોપી ચિરાગ ઘનશ્યામભાઈ ગોટીની જામીન અરજી એડિશનલ સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. આ કેસમાં આરોપીની 21 ફેબ્રુઆરી, 2026ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. સરકાર તરફ એપીપી સંતોષ ગોહિલે આરોપીની ગુનામાં સીધી સંડોવણી હોવાનું જણાવી જામીન અરજીનો વિરોધ કર્યો હતો. કોર્ટ સમક્ષ આરોપી વિરુદ્ધ અગાઉના 12 ગુનાહિત કેસો નોંધાયેલા હોવાનું પણ સામે આવ્યું હતું. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે તેની જામીન અરજી ફગાવી હત.

### ડિંડોલીમાં ગીત સાંભળીને રેલવે ટ્રેક પર ચાલતો યુવાન ટ્રેન નીચે કચડાયો

સુરતઃ ડિંડોલીમાં રેલવે ટ્રેક પર ગીતો સાંભળતા પસાર થતા યુવકનું દિલ્હી જતી ટ્રેનની અડફેટે આવી જતા મોત થયું હતું. મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અને હાલ ડિંડોલી નવાગામમાં આવેલ શ્રીનાથનગરમાં રહેતા 25 વર્ષીય પિન્ટુકુમાર કાલે રાત્રે નવાગામ બ્રિજની નજીક ત્રિપાઠી હોસ્પિટલ પાસે મોબાઈલ ફોનમાં ગીતો સાંભળતા સાંભળતા રેલવે ટ્રેક પરથી પસાર થતો હતો. તે દરમિયાન મુંબઈથી દિલ્હી જતી ટ્રેનની અડફેટે આવી જતાં મોતને ભેંટ્યો હતો.

### પત્ની સાથે ઝઘડો થતાં પતિનો આપઘાત

સુરતઃ ગોડાદરામાં પત્ની સાથેના ઝગડામાં પતિએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની અંકુર મહેન્દ્ર ગુપ્તા (29 વર્ષ) હાલ ગોડાદરા વિસ્તારમાં આવેલી ગાયત્રીનગરમાં એક પુત્રી સહિતના પરિવાર સાથે રહેતો હતો અને શાકભાજીનું છૂટક વેચાણ કરતો હતો. તેને નશો કરવાની કુટેવ હતી. જેથી ઝગડા બાદ પત્ની સંતાનને લઇ રિસામણે પિયરમાં રહેવા જતાં તેણે આપઘાત કરી લીધો હતો.

# યુવક પર એસિડ ફેંકનાર દંપતીને ૧૦ વર્ષની કેદ

**એસિડ** હુમલો એ અત્યંત ક્રૂર ગુનો, માનવ જીવન જીવવાનો અધિકાર છીનવી લે છેઃ કોર્ટ

સુરતઃ સેશન્સ કોર્ટે વર્ષ ૨૦૨૧ના બહુચર્ચિત એસિડ એટેક કેસમાં પતિ-પત્ની બંનેને દોષિત ઠેરવી ૧૦ વર્ષની સખત કેદની સજા અને કુલ ૬૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. ગોડાદરા વિસ્તારમાં 'શિવાય એમ.આર. ક્લોથિંગ' નામની દુકાન ચલાવતા ભાવેશ મેવાડાની પત્ની પૂજા સાથે ફરિયાદી પ્રિન્સ રાજુભાઈ શાહુના પ્રેમસંબંધ હતા. લોકડાઉનમાં બે એક વખત એકબીજાની સંમતિથી શરીરસુખ પણ માણ્યું હતું. આ અંગેની જાણ પતિ ભાવેશને થતાં બંને દંપતીએ પ્રિન્સને પાઠ ભણાવવાનું આયોજન કર્યું હતું. તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ આરોપીની દુકાને બેસેલા પ્રિન્સ શાહુ પર પૂજા મેવાડાએ કાચના ગ્લાસમાંથી સલ્ફ્યુરિક એસિડ ફેંક્યું હતું, જેમાં પ્રિન્સ ગંભીર રીતે દાઝી ગયો હતો. આ ગુનામાં ભાવેશે પોતાની પત્નીને મદદગારી કરી હતી.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી દિપેશ દવેએ રજુઆત કરી હતી. ફરીયાદી અને આરોપી પુજા વચ્ચેના અનૈતિક સબંધમાં આ ઘટનાને આરોપી દંપતીએ અંજામ આપ્યો હોવાનુ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયું હતું. તમામ પક્ષકારોની રજૂઆત, પુરાવાને ધ્યાને રાખીને કોર્ટે આરોપી દંપતિ ને દશ-દશ વર્ષની સજા અને ૩૦-૩૦ હજારનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે એસિડ હુમલો એ અત્યંત ક્રૂર ગુનો છે, જે પીડિતનું સામાન્ય માનવ જીવન જીવવાનો અધિકાર છીનવી લે છે, તેથી આવા કિસ્સામાં દયા દાખવી શકાય નહીં.

# ઉધનામાં ગણપતિના આગમન દરમિયાન પરિણીતાની છેડતી

**પતિને** માર મારનારા પાંચની ધરપકડ

સુરતઃ ઉધના આશિર્વાદ ટાઉનશીપ પાછળ આવેલી સોસાયટીમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતા રીમાં (નામ બદલેલ છે) ગત તા. ૧૦/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે આશરે દશેક વાગ્યાના સુમારે સોસાયટીની અન્ય મહિલાઓ સાથે ગણેશ આગમન જોવા માટે નીકળી હતી. તે સમયે અગાઉ તેમની જ સોસાયટીમાં રહેતો અંકુશ વિનોદભાઈ સોનાર અને તેનો એક અજાણ્યો સાગરીત ત્યાં આવી પહોંચ્યા હતા.આ બંને શખ્સોએ પરિણીતા સામે જોઈ હાથથી ગંદાગંદા ઈશારા કર્યા હતા અને મોબાઈલ નંબરની માગણી કરી હતી. એટલું જ નહીં, ગણેશ આગમનના નાચગાન દરમિયાન અંકુશે પરિણીતાની નજીક જઈ કમરના ભાગે શારીરિક અડપલાં આચર્યા હતા. પરિણીતાએ તુરંત દૂર ખસીને આ અંગે પોતાના પતિને જાણ કરી હતી.

પરિણીતાના પતિએ સ્થળ પર જઈ બંનેને સમજાવવાનો પ્રયાસ કરતા જ લુખ્ખા તત્વો ઉશ્કેરાઈ ગયા હતા. અંકુશ સાથેના અજાણ્યા ઈસમે "હું તારી પત્નીની છેડતી કરીશ, તું મારું શું કરી લઈશ?" તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો અને પતિ સાથે મારપીટ કરી ઢીકમુક્કીનો માર માર્યો હતો.

આ ઘટના બાદ પીડિત પરિણીતા પતિ સાથે ઉધના પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા,જ્યાં વુમન એએસઆઈ દેવીબેનની હાજરીમાં ઈ-સાક્ષી એપ્લિકેશન મારફતે વિડિયોગ્રાફી સાથે નિવેદન નોંધાવવામાં આવ્યું હતું.


## સુરત મહાનગરપાલિકા
### જાહેર અપીલ
### શ્રી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં કરવા બાબત

FIT INDIA

સુરત શહેરમાં આગામી શ્રી ગણેશ ઉત્સવ નિમિતે સ્થાપિત કરવામાં આવતી પ્રતિમાઓ પૈકી પ્લાસ્ટર ઓફ પેરિસ (પી.ઓ.પી.) માંથી બનાવેલ પાંચ ફુટ સુધીની પ્રતિમાઓને, એન્વાયરોમેન્ટ (પ્રોટેકશન) એક્ટ ૧૯૮૬ ની કલમ-૫ હેઠળ ગુજરાત સરકારનાં વન અને પર્યાવરણ વિભાગનાં પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાં તા.૦૯/૦૫/૨૦૧૩નાં હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલનાં તા.૧૮/૦૮/૨૦૧૫નાં હુકમને આધારે પર્યાવરણનાં રક્ષણ માટે આગામી તા.૧૪/૦૯/૨૦૨૬ થી તા.૨૫/૦૯/૨૦૨૬ સુધીનાં શ્રી ગણેશ ઉત્સવ નિમિત્તે થનાર શ્રી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કુદરતી જળાશયોમાં નહી કરતાં નીચે જણાવેલ ૨૧(એકવીસ) કૃત્રિમ તળાવો (આર્ટીફીશીયલ પોન્ડ) માં કરવા સુરત મહાનગરપાલિકા તરફથી આયોજન કરવામાં આવેલ છે.

| અ. નં. | ઝોન | | શ્રી ગણેશજીની મૂર્તિ વિસર્જન માટેના કૃત્રિમ તળાવોના લોકેશન | સંખ્યા | ગૌરી ગણેશ | ગણેશ વિસર્જન |
|---|---|---|---|---|---|---|
| ૧ | અઠવા ઝોન | ૧. | ડુમસ ગામ - કાંદી ફળીયા (૧) | ૩ | | ✓ |
| | | ૨. | ડુમસ ગામ - કાંદી ફળીયા (૨) | | ✓ | ✓ |
| | | ૩. | ટી.પી. સ્કીમ નં. ૭ (વેસુ-મગદલ્લા), ફા. પ્લોટ નં.૧૨૯, નંદીની -૩ ની સામે, VIP રોડ અને ટી.પી. સ્કીમ નં.૬ (વેસુ), ફા. પ્લોટ નં.૭૩, વાસ્તુગ્રામ નજીક, વી.આઈ.પી.રોડ. વેસુ. | | | ✓ |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ૪. | ગાંધી બાગની પાછળ, ડક્કા ઓવારા, ચોક. | ૧ | ✓ | ✓ |
| ૩ | વરાછા ઝોન-એ | ૫. | ટી.પી. સ્કીમ નં. ૨૦ (પુણા), ફા. પ્લોટ નં. ૧૯૨, ક્રિસ્ટલ પ્લાઝાની બાજુમાં, સીલ્વર ચોક પાસે. | ૧ | ✓ | ✓ |
| ૪ | વરાછા ઝોન-બી | ૬. | પ્રિ.ટી.પી. સ્કીમ નં.૨૧ (સરથાણા-સિમાડા), ફા.પ્લોટ નં. ૧૪૭ (સેલ ફોર રેસી.), ગૌરવ સેનાની ભવન, સરથાણા ફાયર સ્ટેશનની પાછળ, સરથાણા. | ૨ | ✓ | ✓ |
| | | ૭. | ટી.પી. સ્કીમ નં.૨૫(મોટા વરાછા), ઓ.પી.નં.૬૫, બ્લોક નં.૪૯૦, રામચોક પાસે, મોટા વરાછા. | | ✓ | ✓ |
| ૫ | લિંબાયત ઝોન | ૮. | ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી), ફા. પ્લોટ નં.ઓ-૪૬, (રીક્રિએશન ફોર એસ.એમ. સી.), નવાગામ ડીંડોલી સી.એન.જી. પંપ થી નંદનવન રો-હાઉસ તરફ જતા રોડ પર | ૩ | ✓ | ✓ |
| | | ૯. | ટી.પી.સ્કીમ નં.૧૯ (પરવટ - મગોબ), વેચાણ હેતુ રેસીડેન્સનાં હેતુ માટે અનામત ફા.પ્લોટ નં.૧૧૦/૧/૩, રાજ ટેક્ષટાઈલ્સની બાજુમાં, મગોબ. | | | ✓ |
| | | ૧૦. | ટી.પી. સ્કીમ નં. ૬૧ (પરવત-ગોડાદરા), ફા. પ્લોટ નં.આર-૨૫ આહિરચોક પાસે દેવીકૃપા રો - હાઉસ ની બાજુમાં, ગોડાદરા. | | | ✓ |
| ૬ | ઉધના ઝોન-એ | ૧૧. | ટી. પી. સ્કીમ નં. ૦૬(મજુરા - ખટોદરા), ફા. પ્લોટ નં.૩૭૮, ખરવર નગર જંકશન પાસે | ૨ | ✓ | ✓ |
| | | ૧૨. | ટી.પી. સ્કીમ નં. ૨૨ (ભેસ્તાન), ફા. પ્લોટ નં.૭૧, સંગમનગર સોસાયટીની પાછળ, ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે | | ✓ | ✓ |
| ૭ | ઉધના ઝોન-બી | ૧૩. | સુરત-નવસારી રોડને લાગુ સચિન સુડા સેક્ટર-૩ ખાતે આવેલ સી.ઓ.પી. | ૧ | ✓ | ✓ |
| ૮ | રાંદેર ઝોન | ૧૪. | ટી.પી. સ્કીમ નં. ૭૪ (પાલ), ફા.પ્લોટ નં. આર-૩, પાલ આર.ટી.ઓ. પાસે. | ૪ | ✓ | ✓ |
| | | ૧૫. | અડાજણ ગામ ડેપો વિસ્તારમાં આવેલ રામજી ઓવારા, સ્ટાર બજારની સામે, અડાજણ | | | ✓ |
| | | ૧૬. | ટી.પી. સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા), ફા. પ્લોટ નં.૯૪, પરિશ્રમ પાર્ક પાસે | | | ✓ |
| | | ૧૭. | ટી.પી. સ્કીમ નં.૮ (પાલનપોર), ફા. પ્લોટ નં. ૧૨૦, પાલનપુર કેનાલ રોડ, નક્ષત્ર વ્યુ ની સામે | | | ✓ |
| ૯ | કતારગામ ઝોન | ૧૮. | ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), ફા. પ્લોટ નં.૧૯૯, લંકા વિજય ઓવારા પાસે. | ૪ | | ✓ |
| | | ૧૯. | ટી.પી સ્કીમ નં. ૨૬ (સિંગણપોર), એફ.પી.નં. ૧૨૫ ખાતે ડી-માર્ટ પાસે. | | ✓ | ✓ |
| | | ૨૦. | કોસાડ એચ-૫ આવાસ પાસે, કોમ્યુનીટી હોલની સામે. | | ✓ | ✓ |
| | | ૨૧. | ટી.પી સ્કીમ નં. ૫૧, એફ.પી.નં. ૨૦૧, વણઝારાવાસ પાસે, ડભોલી. | | | ✓ |

સુરત શહેરનાં તમામ શ્રીગણેશ ઉત્સવ આયોજકોને આથી જાહેર અપીલ કરવામાં આવે છે કે, તાપી નદી અને દરિયામાં થતા પ્રદુષણને અટકાવવા તેમજ પર્યાવરણનાં રક્ષણ માટે ગણેશજીની પ્રતિમાઓનું મંડપ/ઘરમાં વિસર્જન થાય તે મુજબ ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓની સ્થાપના કરવા તેમજ પી.ઓ.પી. માંથી બનાવેલ શ્રીગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન ઈ.ચા.પોલીસ કમિશનરશ્રી નાં જાહેરનામા પત્ર ક્રમાંક/એસ.બી./ગણેશ મહોત્સવ/૧૩૨/૨૦૨૬, તા.૧૦/૦૭/૨૦૨૬માં દર્શાવેલ સુચનાઓનાં પાલન ને આધિન ઉપર જણાવેલ કૃત્રિમ તળાવોમાં જ કરવા અપીલ કરવામાં આવે છે.

NO.P.R.O.228/2026-27
DATE.14/09/26

કમિશનર
સુરત મહાનગરપાલિકા